રામજી રવજી લાલન કોલેજ

અસાઈનમેન્ટ

નામ :- જોષી તરુણ હિતેશભાઈ

રોલ નં :- 106

સેમ :- 1

રોલ નં :- 106

PNR નં :- 1OC1025155

વિષય :- Banking and Finance (અર્થશાસ્ત્ર)

પેપરનું નામ :- Banking and Finance - I

પેપર કોડ :- MJ - BAF - 101

સહી :-

નયૂર જોષી
Ⓕ

(1) બેંકનો અર્થ આપી, બેંકના વિવિધ પ્રકારો સમજાવો.

* પ્રસ્તાવના :-

આપણે સૌ બેંક શબ્દથી પરિચિત છીએ. આપણે આપણાં ઘરની બચતો બેંકમાં મુદતી થાપણોના સ્વરૂપે કે બચત ખાતામાં મૂકી હશે. આધુનિક યુગમાં આપણા બધા જ નાણાકિય વ્યવહારો બેંક દ્વારા થાય છે. તો આધુનિક યુગમાં બેંકના નાણાકિય વ્યવહારો વધ્યા છે. પૂર્વે નાણાંના કાર્યો વધતાં નાણાંના મૂલ્યની જાળવણીનો પ્રશ્ન ઊભો થયો. ટૂંકમાં નાણાં આધારિત અર્થ-વ્યવસ્થામાં નાણાંની સાચવણી, તેની હેરફેર અને તેના મૂલ્યની જાળવણી માટે કોઈ સંસ્થાની જરૂરીયાત ઉદ્ભવી, તે કાર્ય બેંકએ પૂરુ પાડ્યુ. અર્થતંત્રમાં બેન્કો દ્વારા નાણાંની હેરફેર થાય છે. નાણું પડી રહે એટલે કે તેની એક પ્રવૃતિમાંથી બીજી પ્રવૃતિમાં સતત હેરફેર થતી ન રહે તો નાણાંના પડી રહેલાં જથ્થાનું મૂલ્ય ભવિષ્યના ગાળામાં ઓછુ થતું જાય છે. ફરતાં નાણાંનું મહત્વ વધતું રહે છે.

* બેંકનો અર્થ :-

→ બેંક શબ્દનો અર્થ જથ્થો કે સમૂહ એવો થાય છે.

→ સંસ્કૃત ભાષામાં બેંકને મળતો શબ્દ 'ભાંડ' છે.

→ ભાંડ શબ્દનો મૂળ અર્થ મૂડીનો જથ્થો એમ થાય છે, આ શબ્દ પરથી 'ભંડોળ' શબ્દ બન્યો છે.

તરુ જોષી

* બેંકની વ્યાખ્યા :-

"બેન્કિંગની સેવા આપતી સંસ્થા એટલે કે બેંક."

- પ્રો. આર. જે

"મંગાવામાં આવે એટલા નાણાં પરત કરવાની શરતે ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થાને બેંક કહે છે."

- ડૉ. સી. વી. રાવલ

* બેંકનો ઉદ્ભવ :-

→ અંગ્રેજીમાં બેંક શબ્દ ફ્રાંસ અને ઈટાલીના શબ્દો 'Bunco' અને 'Banque' પરથી ઉતરી આવ્યો છે.

→ યુરોપમાં પ્રાચીન સમયમાં શરાફો ઢળતી પાટલી પર નાણાંની લેવડ દેવડ અને જુદા-જુદા પ્રદેશોમાં નાણાંની ફેરબદલી કરતા હતા.

→ આમ, પાટલી પર નાણાંના જથ્થાની ફેરબદલી થતી અને આમ 'બેંક' શબ્દ અંગ્રેજીમાં ઉપયોગ થવા લાગ્યો, આમ કહી શકાય કે બેંક શબ્દને નાણાંના લેણદેણ સાથે સંબંધ છે.

→ વિશ્વની સૌપ્રથમ બેન્ક તરીકે સ્પેઇનમાં 1401માં સ્થપાયેલી 'બેન્ક ઓફ બાર્સેલોના' ગણાય છે.

* બેન્કોના પ્રકારો :-

→ બેંકોના મુખ્ય બે પ્રકારો હોય છે.



1. વેપારી બેંકો :-

→ વેપારી બેન્ક એટલે એવી સંસ્થા જે બેન્કિંગ અંગેના વ્યવહારો કરે એટલે કે જેમાં ધિરાણ વધારવા માટે પ્રજાની થાપણો સ્વીકારે જે ગ્રાહકને જરૂર પડે ત્યારે પાછી મળે અને જેમાંથી ચેક, ડ્રાફ્ટ, પે-ઓર્ડર વગેરે દ્વારા ઉપાડ થઈ શકે.

→ વેપારી બેન્ક ધંધાદારી એકમ છે અને નફા માટે કાર્ય કરે છે.

→ પ્રજા પોતાની બચતો આવી બેન્કોમાં જમા કરાવે છે જેને બેન્ક થાપણોના સ્વરૂપમાં સ્વીકારે છે અને તે થાપણો બેન્ક અન્ય કાર્યોમાં રોકે છે.

→ એક રીતે બેન્ક પ્રજાના પૈસા અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં વાપરે છે અને તેથી પ્રજાને તેના બદલામાં થાપણો પર વ્યાજ ચૂકવે છે.

→ વેપારી બેન્ક નાણાંની હેરફેર કરીને નફો કમાવવા માટેનો ધંધો કરે છે તેથી જ તેમને વેપારી બેન્ક કહેવાય છે.

* વેપારી બેન્કના કાર્યો :-

⇒ વેપારી બેંકના મુખ્ય કાર્યો :-

1) થાપણો સ્વીકારવી :-

→ પ્રજા પાસે રહેલી બચતોને બેન્ક સ્વીકારે છે અને તેને થાપણોના સ્વરૂપે સાચવે છે, તે બચત પર બેન્ક વ્યાજ આ છે.

→ થાપણો મુખ્યત્વે ત્રણ પ્રકારની હોય છે :

1. ચાલુ ખાતાની થાપણો
2. બચત ખાતાની થાપણો
3. ફિક્સ ડિપોઝિટ

2) ધિરાણની સવલતો પૂરી પાડવી :-

→ અર્થતંત્રમાં ધંધા માટે કે અન્ય કારણો માટે રોકાણકર્તા વ્યક્તિઓને, ખેડૂતો તથા અન્ય વર્ગના લોકોને નાણાંની જરૂર પડે ત્યારે તેઓ બેન્કો પાસે ધિરાણ લે છે.

→ બેન્કો વ્યાજ લઈને વિવિધ પ્રકારનું ધિરાણ પૂરું પા છે.

તજગ્રોષી

3] ચૂકવણી અને ઉપાડની સવલત પૂરી પાડવાની કામગીરી :-

→ બેંક ગ્રાહકોને સરળતાથી નાણાંની ચૂકવણી અને ઉપાડની સવલત પૂરી પાડે છે.

→ જેમાં ચેક, ઉપાડ ચિઠ્ઠી, ડ્રાફ્ટ, પે-ઓર્ડર, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ATM વગેરે...

⇒ વેપારી બેંકના ગૌણ કાર્ય :-

1] ગ્રાહકોના એજન્ટ તરીકે તથા સેવાઓ પૂરી પાડવાનું કાર્ય :-

→ બેંક તેના ગ્રાહકોને વિવિધ સેવાઓ પૂરી પાડતી હોય છે.

→ દા.ત., એકબીજાથી અજાણ્યા આયાતકારો અને નિકાસકારોને શાખનું પ્રમાણ-પત્ર આપે છે.

2] સમય બદલાતા સાથે આધુનિક સેવાઓ આપવી :-

→ બેંકોનો વ્યાજ અને કાર્યપદ્ધતિ સમય સાથે સતત બદલાતા રહે છે.

→ બેન્કિંગ કાર્યોમાં સતત નવીનીકરણ થતું રહે છે.

→ સમયની સાથે-સાથે વેપારી બેંકો પોતાની સેવાઓમાં ઘણો બદલાવ કરતી હોય છે,

નકુલ મોદી

2. મધ્યસ્થ બેન્ક :-

-> દરેક દેશમાં એક મધ્યસ્થ બેંક હોય છે, જે દેશની તમામ બેન્કોની કામગીરીનું સંચાલન, મૂલ્યાંકન અને અંકુશની કામગીરી બજાવે છે.

-> તે ઉપરાંત મધ્યસ્થ બેંક ગ્રાહકોના તથા પ્રજાના હક અને હિતની જાળવણી કરવાની કામગીરી પણ બજાવે છે.

=> મધ્યસ્થ બેંકનો અર્થ :-

-> મધ્યસ્થ બેંક એટલે દેશની સર્વોચ્ચ બેન્ક.

-> તેનું મુખ્ય કાર્ય નાણાબજાર અને બેન્કિંગ ક્ષેત્રને મદદ કરવાનું, તેનું નિયંત્રણ કરવાનું અને તેને પ્રોત્સાહન આપવાનું છે તથા દેશના આર્થિક હિત માટે નાણાકીય સ્થિરતા જાળવવાનું છે.

-> મધ્યસ્થ બેંક સરકારને પણ નાણાકીય સલાહ-સૂચનો આપે છે.

-> ભારતની મધ્યસ્થ બેન્ક રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નામે ઓળખાય છે.

-> 1934ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ધારા મુજબ RBIની સ્થાપના એપ્રિલ 1, 1935માં થઈ હતી.

-> RBIની સ્થાપના રૂ.5 કરોડના ખાનગી મૂડીભંડોળથી સ્થપાઈ હતી.

નક્ષ જોષી

B—

* ઉપસંહાર :-

આમ, આપણે ઉપરોક્ત મુદ્દાઓમાં બેંકનો અર્થ અને તેના પ્રકારની ચર્ચા કરી. ઉપરોક્ત મુદ્દાઓ પરથી તારવી શકાય છે. બેંકો પોતાના નફા માટે ગ્રાહકોના હિતને ધ્યાન લઈ કાર્ય કરતી હોય છે. બેંકો દેશના અર્થતંત્રમાટે ખૂબ વિકાસ માટે ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે.